જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર (P.R.O.)
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૦૧/૦૨/૨૦૨૧ સોમવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :- સમાચાર યાદી નં.૨૧૨/૨૦૨૧

Covid-19 સંક્રમણ નિયંત્રણ અન્વયે લેવામાં આવેલ કાયદાકીય કાર્યવાહી અંગેની તા.૩૧/૦૧/૨૦૨૧ કલાક ૦૦/૦૦ થી કલાક ૨૪/૦૦ સુધીની માહીતી નીચે મુજબ છે.

પત્રક-૧

લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત

અ.નં	ગુન્હાનો પ્રકાર	નોધાયેલ FIR ની સંખ્યા			અટક કરેલ આરોપીની સંખ્યા		
		ગઈ કાલ સુધીની સંખ્યા	આજની સંખ્યા	કુલ	ગઈ કાલ સુધીની સંખ્યા	આજની સંખ્યા	કુલ
૧	કલમ ૧૮૮ કલમ ૧૩૫ GP ACT 1951	૧૧૨૧૨	૯	૧૧૨૨૧	૧૭૩૪૩	૯	૧૭૩૫૨
૨	કલમ ૨૬૯,૨૭૦ અને ૨૭૧ IPCઅને The Epidemic Disease Act 2005	૪૭૦૨	૦	૪૭૦૨	૬૨૨૫	૦	૬૨૨૫
3	કલમ ૧૪૩,૧૪૪,૧૪૫ વિગેરે (હંગામો)	૬૬	૦	૬૬	૨૬૬	૦	૨૬૬
૪	Disaster Management Act 2005 હેઠળના ગુન્હાઓ	૨૮૭૮૫	૧૮	૨૮૮૦૩	૩૦૦૩૪	૩૩	૩૦૦૬૭
કુલ		૪૪૭૬૫	૨૭	૪૪૭૯૨	૫૩૮૬૮	૪૨	૫૩૯૧૦

પત્રક-૨			
લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત			
અ.નં	જીલ્લા/શહેરનુ નામ	કલમ ૨૦૭ MV Act 1988 હેઠળ ડિટેઈન કરેલ વાહનોની સંખ્યા	MV Act 1988 હેઠળના નિયમ ભંગ કરનાર વાહન ચાલકો પાસેથી વસુલવામાં આવેલ દંડની રકમ
૧	અમદાવાદ શહેર	૬૦	૮,૮૧.૬૦૦/-

પત્રક-૩			
જાહેર સ્થળોએ તથા પરિવહન વખતે માસ્ક નહી પહેરવા અંગે તથા જાહેરમાં થુકવા બાબતની વિગત			
અ.નં	જીલ્લા/શહેરનુ નામ	દંડિત થયેલ વ્યક્તિઓની સંખ્યા	વસુલ કરવામાં આવેલ દંડની રકમ
૧	અમદાવાદ શહેર	૮૫૯	૮,૫૯,૦૦૦

રક્તદાન કેમ્પની વિગત

વટવા પોલીસ સ્ટેશન

"મુસ્કાન માટે રક્તદાન" અને "રંગ છે એકતાનો" અભિયાન અંતર્ગત વટવા પો.સ્ટે. તેમજ વટવાના નગરજનો ના સંયુક્ત ઉપક્રમે યોજાયેલ રક્તદાન કેમ્પમાં "૧૦૩૮" બ્લડની બોટલો એકત્રિત કરી ઉમદા કાર્ય કરતી પોલીસ

મે.પોલીસ કમિશ્નરશ્રી સંજય શ્રીવાસ્તવ સાહેબ અમદાવાદ શહેર નાઓની સુચના આધારે શ્રી ગૌતમ પરમાર સાહેબ અધિક પો.કમિ.શ્રીસેક્ટર-૨ અમદાવાદ શહેર તથા શ્રી એ.એમ.મુનિયા સાહેબ ના.પો.કમિ.શ્રી ઝોન-૬ અમદાવાદ શહેર તથા શ્રી રાજપાલસિંહ રાણા સાહેબ મ.પો.કમી.શ્રી જે-ડીવીઝન અમદાવાદ શહેર નાઓએ થેલેસેમિયા ગ્રસ્ત બાળકોને લોહીની જરૂરિયાત પુરી કરવા માટે "મુસ્કાન માટે રક્તદાન" અને "રંગ છે એકતાનો" અભિયાન હેઠળ રક્તદાન કેમ્પ યોજવા જરૂરી માર્ગદર્શન આપેલ હોય વટવા પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સપેક્ટર શ્રી એચ.વી.સીસારા નાઓએ આજરોજ તા.૩૧/૦૧/૨૦૨૧ ના રોજ વટવા પોલીસ સ્ટેશન ખાતે સ્વૈચ્છીક રક્તદાન કેમ્પનું આયોજન કરવામાં આવેલ જેમાં શ્રી રાજપાલસિંહ રાણા મ.પો.કમિ. જે-ડીવીઝન સાહેબ તથા વટવા પો.સ્ટે.ના પો.ઈન્સ. શ્રી એચ.વી.સીસારા તથા તેમના ધર્મપત્ની તથા પોલીસ સ્ટેશનના અધિકારી/કર્મચારીઓ તેમજ જુદા જુદા એન.જી.ઓ. સંસ્થાઓ તથા ગ્રીન વટવા ક્લીન વટવા નામની એન.જી.ઓ. તેમજ વટવા વિસ્તારના સ્થાનિક અગ્રણીઓ તથા વટવાના નગરજનોએ ઉમળકાભેર ભાગ લીધેલ જે રક્તદાન કેમ્પમાં થેલેસેમિયા ગ્રસ્ત બાળકો માટે "૧૦૩૮" બ્લડની બોટલોનું રક્તદાન કરી ઉમદા કાર્ય કરેલ છે








અમદાવાદ શહેર પોલીસ
વટવા પોલીસ સ્ટેશન


પોલીસ સ્ટેશન
Shot on OnePlus
By Mr.Bharat

જુગારના ગુનાના આરોપીની અટકાયતની વિગત

પી.સી.બી.

વટવા પોલીસ સ્ટેશન વિસ્તારમાથી નાણાની હારજીતનો જુગાર રમતા ૧૦ ઈસમોને કુલ્લે ૭૭,૩૩૦/- રૂપિયાના મુદામાલ સાથે ઝડપી પાડતી પી.સી.બી.”

મે.પોલીસ કમિશ્નર શ્રી સંજય શ્રીવાસ્તવ સાહેબ નાઓએ અમદાવાદ શહેરમા પ્રોહી/જુગારની પ્રવૃતિ અટકાવવા સારૂ કાર્યવાહી કરવા સુચના કરેલ જે આધારે પીસીબી પોલીસ ઈન્સપેકટર શ્રી એચ.કે.સોલંકી નાઓના માર્ગદર્શન હેઠળ તા.૩૧.૧.૨૦૨૧ ના રોજ સ્ટાફના પો.સ.ઈ.શ્રી એ.ડી.ચાવડા તથા અહેકો વિજયસિહ હિંદુજી, અહેકો યોગેન્દ્રસિહ હઠીસિહ અહેકો મયુરધ્વજસિહ રાજેન્દ્રસિહ અહેકો શૈલેષ દેવાભાઈ અહેકો કૃષ્ણરાજસિહ હનુભા અહેકો મુકેશભાઈ રામાભાઈ તથા અન્ય સ્ટાફના માણસો સાથે શહેર વિસ્તારમા પેટ્રોલીગમાં હતા દરમ્યાન અહેકો મયુરધ્વજસિહ રાજેન્દ્રસિહ નાઓને મળેલ ચોક્કસ બાતમી હકીકત આધારે આરોપી ફૈજમહોમદ નુરમહોમદ શેખના કબ્જા ભોગવટાવાળા મકાન નંબર ૬૦/૧૮૯૯ સદભાવના નગર ચાર માળીયા વટવા અમદાવાદ શહેર ખાતે રેઈડ કરી ઉપરોકત આરોપી તેમજ અન્ય ૯ આરોપીઓ મળી કુલ્લે ૧૦ આરોપીઓને પૈસા પાનાથી નાણાની હારજીતનો તીન પત્તીનો જુગાર રમી રમાડતા રોકડા રુપિયા ૩૫,૮૩૦/ તથા અન્ય જુગારના સાધનો મળી કુલ્લે રુપિયા ૭૭,૩૩૦/ ના મુદામાલ સાથે પકડી પાડી તેઓની વિરુધ્ધમા કાયદેસરની કાર્યવાહી કરી વટવા પોસ્ટે ખાતે બી પાર્ટ ગુરન ૧૧૧૯૧૦૩૮૨૧૦૧૫૧/૨૦૨૧ જુગાર ધારા કલમ ૪,૫ મુજબ ગુનો રજીસ્ટર કરાવી આગળની કાર્યવાહી હાથ ધરવામા આવેલ છે.

પકડાયેલ આરોપીઓ :

(૧) ફૈજમહોમદ નુરમહોમદ શેખ રહે. બ્લોક નં.૬૦/૧૮૯૯ સદભાવના નગર ચાર માળીયા વટવા અમદાવાદ (૨) જયંતિલાલ રોડજી કલાલ રહે.ધુપસીંગની ચાલી ઓમનગર ફાટક ની બાજુમા મેઘાણીનગર અમદાવાદ (૩) વિરેંદ્ર હિરાભાઈ રાઠોડ રહે,સી/૫૦૧ સ્વામીનારાયણ પાર્ક જી.બી.શાહ કોલેજ પાસે વાસણા અમદાવાદ, (૪) મૌસીન હમીદભાઈ શેખ રહે.કે/૩ સંકલીતનગર જુહાપુરા અમદાવાદ (૫) સુભાષભાઈ શંકરભાઈ મેઘવાલ રહે.બાઈલીલી ની ચાલી પારસીનો ભટ્ઠો નરોડા અમદાવાદ (૬) શાકીર હુસેન મહમદઅલી રહે.ઘર નં.૩ બસેરા ડુપ્લેક્ષ ફતેવાડી સરખેજ અમદાવાદ (૭) સ્વપ્નીલ જશુભાઈ પટેલ રહે.૩૭૮ ત્રિકમમુખીનુ ફળીયુ આનંદચોક ખોખરાગામ અમદાવાદ (૮) હરેશ નારણદાસ ભાલવાણી રહે.ઈ/૫૮ ઈ વોર્ડ કુબેરનગર અમદાવાદ (૯) જહાંગીર નુરમંહમદ શેખ રહે.ઘર નં.૧૬૬૮/૩૫૯ સદભાવનાનગર ચાર માળીયા વટવા અમદાવાદ, (૧૦) પ્રહલાદ ભનાભાઈ દંતાણી રહે. ઘરનં.૬૩૦/૨૦ સદભાવનાનગર ચાર માળીયા વટવાઅમદાવાદ.

ગુનાની જગ્યા : આરોપી નં.૧ ના કબ્જા ભોગવટાવાળા મકાન નંબર ૬૦/૧૮૯૯ સદભાવના નગર ચાર માળીયા વટવા અમદાવાદ

પકડાયેલ મુદામાલ : (૧) રોકડા નાંણા રૂ.૩૫૮૩૦/ (૨) મોબાઈલ ફોન નંગ-૮ કિ.રૂ.૪૧૦૦૦/ (૩) ગંજીફાના પાના નંગ ૫૨ કિ.રૂ.૦૦.૦૦/ (૪) શેતરજી નંગ ૧ કિ.૦૦.૦૦ મળી કુલ કિંમત રૂ. ૭૭૩૩૦/-ની મત્તાના મુદામાલ





પાસા અટકાયતીની વિગત

રાણીપ પોલીસ સ્ટેશન :

રાણીપ પોલીસ સ્ટેશન દ્વારા પ્રોહીબીશન સબંધી ગુનો કરતા ઇસમની પાસા હેઠળ અટકાયત કરવા બાબત

મે.પોલીસ કમિશ્નર શ્રી અમદાવાદ શહેર તેમજ ખાસ પોલીસ કમિશ્નર શ્રી સેકટર-૧ ,અમદાવાદ શહેર તેમજ ના.પો.કમિ.શ્રી ઝોન-૨, અમદાવાદ શહેર તેમજ મ.પો.કમિ.શ્રી "એલ" ડીવીઝન અમદાવાદ શહેર નાઓ દ્વારા રાણીપ પોલીસ સ્ટેશન વિસ્તાર માં પ્રોહીબીશનની પ્રવૃત્તીઓ સદંતર નેસ્તનાબુદ કરવા સારૂ ચુસ્તપણે સુચન કરેલ હોઇ જે સુચના આધારે અત્રેના પો.સ્ટે. વિસ્તારમાં પ્રોહીની પ્રવૃત્તી આચરતા પકડાયેલ ઇસમ ધવલભાઇ કાળીદાસ ચૌધરી ઉં.વ.૨૦ રહે. ઔડાના મકાનમા, બલોલનગર ચાર રસ્તા પાસે, વાડજ, અમદાવાદ શહેર નવુ સરનામુ: ઔડાના મકાનમાં, અન્નપુર્ણા હોટલ પાસે, ત્રીકમપુરા, જશોદા ચાર રસ્તા, નારોલ, અમદાવાદ શહેર નાઓને મે.પોલીસ કમીશ્નર શ્રી અમદાવાદ શહેરના પાસા હુકમ નંબર ક્રમાંક/પીસીબી/ડીટીએન/પાસા/૧૭૯/૨૦૨૧ તા.૩૦/૦૧/૨૦૨૧ અન્વયે પાસા હેઠળ અટકાયત કરી તા-૩૧/૦૧/૨૦૨૧ ના કલાક ૨૦/૧૦ વાગે પાસા હુકમની બજવણી કરી રાજકોટ જેલ ખાતે અટકાયતમાં રહેવા સારૂ યોગ્ય જાપ્તા સાથે મોકલી આપેલ છે.

કામગીરી કરનાર કર્મચારી

(૧) અ.હેડ કોન્સ પ્રવીણભાઇ દલસંગભાઇ બ.નં.૪૦૮૧

(૨) અ.પો.કો. શૈલેશકુમાર મહાદેવભાઇ બ.નં. ૯૭૫૪

(૩) લો.ર.દીલીપકુમાર વીરજીભાઇ બ.નં ૧૧૯૪૬



ગાયકવાડ હવેલી પોલીસ સ્ટેશન :

પાસા અટકાયતના આરોપીને પકડી જીલ્લા જેલ જુનાગઢ ખાતે મોકલી આપતી ગાયકવાડ હવેલી પોલીસ

મે,પોલીસ કમિશ્નર સાહેબ શ્રી અમદાવાદ શહેર તથા મે.અધિક પોલીસ કમિશ્નર શ્રી સેકટર-૧ સાહેબ તથા નાયબ પોલીસ કમિશ્નર શ્રી ઝોન-૩ સાહેબ તથા મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી "ઇ" વિભાગ સાહેબ નાઓ તરફથી વધુમાં વધુ પાસા અટકાયતી પગલા લેવાની સુચના આપતા જે સુચના આધારે "જાહેર સલામતી અને વ્યવસ્થા" વિરૂધ્ધના કૃત્યો અટકાવવા સારૂ અસરકારક પગલા લેવા કરેલ હુકમ અનુસંધાને અમો સીની.પોલીસ ઇન્સ્પેક્ટર એસ.જે.બલોચ ગા.હવેલી પોલીસ સ્ટેશન નાઓએ નીચે જણાવેલ નામવાળા આરોપી "જાહેર વ્યવસ્થા" વિરૂધ્ધના કૃત્યો કરતો હોય તેના વિરૂધ્ધમાં પુરાવા એકત્ર કરી પાસા દરખાસ્ત તૈયાર કરી મે,પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેરનાઓની સમક્ષ સાદર કરતા તેઓ સાહેબે પાસા હુકમ ક્રમાંક નં- પીસીબી/ડીટીએન/૧૮૧/૨૦૨૧ તા-૩૧/૦૧/૨૦૨૧ થી પાસા અટકાયતી જીગર ઉર્ફે રાજ નરેશભાઇ ચૌહણ ઉ.વ.૨૨ રહે-બ્લોક નં-૪ ની સામેના છાપરામાં સરદારબ્રિજ સ્ટાફ ક્વાટર્સ જમાલપુર અમદાવાદ શહેર નાઓને જીલ્લા જેલ જુનાગઢ ખાતે પાસા અટકાયતમાં રહેવાનો હુકમ કરતા સર્વેલન્સ સ્ક્વોડના માણસોએ બાતમી હકિકત આધારે સદરી ઇસમને પકડી પાડતા આજરોજ સદર પાસા હુકમની બજવણી કરી જરૂરી જાપ્તા સાથે પાસા અટકાયતમાં રહેવા સારૂ જીલ્લા જેલ જુનાગઢ ખાતે મોકલી આપવા તજવીજ કરેલ છે. તા.૦૧/૦૧/૨૦૨૧



નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ- **સમાચાર યાદી નં.૨૧૩/૨૦૨૧**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૫૯ કેસ કરી, ૫૪ વ્યક્તિઓને ઝડપી, ૩૭૪ લીટર દેશી દારૂ, ૦૯ બોટલ ઈંગ્લીશ દારૂ અને ૦૧ મોટર સાયકલ કબજે કરી હતી. તેમજ જુગારધારા હેઠળ ૦૬ કેસ કરી, ૪૩ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૯૫,૬૫૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- **સમાચાર યાદી નં.૨૧૪/૨૦૨૧**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૨૫૩ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૨૭ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૦૪ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

છેતરપીંડીની ફરીયાદઃ- **સમાચાર યાદી નં.૨૧૫/૨૦૨૧**

ગુજરાત યુનિવર્સીટી : ફાધર ઝેવીયર અમલરાજ (ઉ.વ.૫૨)(રહે.લોયોલા જેસ્યુટ રેસીડન્સ, સેંટ ઝેવીયર્સ લોયોલા સ્કુલ કેમ્પસ, નારણપુરા) એ તા.૩૧/૦૧/૨૦૨૧ નારોજ ગુજરાત યુનિવર્સીટી પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે સને ૨૦૧૯ થી સને ૨૦૨૦ સુધીના સમયગાળા દરમ્યાન નવરંગપુરા સેંટ ઝેવીયર્સ લોયોલા સ્કુલ ખાતે આરોપી (૧) મનીશા શંકરભાઇ વસાવા (રહે.દેવ-૧૮૧, સ્ટર્લીંગ સીટી, તુલીપ સ્કુલ નજીક, બોપલ) અને (૨) જયેશ સુનિલકુમાર વાસવાની (રહે. સિંધી કોલોની, શાકભાજી માર્કેટ પાછળ, સરદારનગર) એ ભેગામળી સ્કુલમાં ક્લાર્ક તરીકેની ફરજ દરમ્યાન સ્કુલના અલગ-અલગ ખાતાઓમાંથી આર.ટી.જી.એસ. થી અને ચેકબુકમાં ફાધર ની બોગસ સહીઓ કરી કુલ રૂપિયા ૨,૮૪,૦૦,૭૨૮/- શાળાના ડીડ્કશન ખાતામા જમા કરાવેલ ત્યારબાદ શાળાના ડીડક્શન એકાઉંટમાથી dcbe બેંકના ખાતામાં આર.ટી.જી.એસ થી રૂ.૨,૮૭,૪૩,૭૦૫/- ટ્રાંસફર કરેલ તેમજ વાલીઓ પાસેથી રોકડ ફી ના કુલ રૂપિયા ૩૩,૬૫,૪૭૦/- પણ શાળાના એકાઉન્ટમા જમા નહી કરાવી ફાધર ચાલ્સ ની ચેકબુકોમા ખોટી સહીઓ કરી, ચેક નો ખરા તરીકે ઉપયોગ કરી શાળાના કુલ રૂપિયા ૩,૨૧,૦૯,૧૭૫/- ની ઉચાપત કરી છે. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી વી.જે.જાડેજા ચલાવે છે.

સાયબર ક્રાઇમ : વિવેકભાઈ દિનેશભાઈ પટેલ (ઉ.વ.૩૦)(રહે.પ્રતિક ટેર્નામેન્ટ વિધાનગર સ્કુલની પાસે, ઈન્ડીયા કોલોની રોડ બાપુનગર) એ તા.૩૧/૦૧/૨૦૨૧ નારોજ સાયબર ક્રાઇમ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨૬/૧૨/૨૦૨૦ સાંજના ૪/૫૦ વાગ્યાના સુમારે કોઈ અજાણી વ્યક્તિએ વોડાફોન આઈડીયા કંપનીમા ટ્રાઈડેન્ટ ઈન્ડીયા લીમીટેડ કંપનીના મેઈલ આઈ.ડી tcpl@tridentindialtd.com મા અનઅધિકૃત રીતે પ્રવેશ કરી, ટ્રાઈડેન્ટ ઈન્ડીયા લીમીટેડ કંપનીના નામે નુતન નાગરીક સહકારી બેંકમા રજીસ્ટર મોબાઈલ નંબરના સીમકાર્ડ રીપ્લેસમેન્ટની ખોટી માહીતી વોડાફોન આઈડીયા કંપનીમા આપી નવુ સીમકાર્ડ મેળવી, સીમકાર્ડ સ્વેપીંગ કરી, તથા કંપનીના નેટ બેંકીંગના યુઝર નેમ તથા પાસવર્ડ કોઈપણ રીતે મેળવી તેનો ઉપયોગ કરી કંપનીના નુતન નાગરીક સહકારી બેંક ખાતાઓમાથી નેટ બેંકીંગ દ્વારા કંપનીની જાણ બહાર અલગ-અલગ ખાતાઓમા નાણા ક્રેડીટ કરી ત્રણેય ખાતાઓમાંથી કુલ રૂપિયા ૯૪,૫૭,૦૦૦/- ની ઉચાપત કરી કંપની સાથે છેતરપીંડી કરી છે. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી સી.યુ.પરેવા ચલાવે છે.

<u>ધરફોડ :-</u> **<u>સમાચાર યાદી નં.૨૧૬/૨૦૨૧</u>**

દાણીલીમડા : સાજીદભાઇ સબીરભાઇ મીરઝાજીવાલા (ઉ.વ.૩૪)(રહે,હવેલી પાર્ક ફેજાને જમાલે મુસ્તુફા મસ્જીદ પાસે, છીપા સોસાયટી દાણીલીમડા) એ દાણીલીમડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૩૦/૦૧/૨૦૨૧ બપોરના ૨/૦૦ થી તા.૩૧/૦૧/૨૦૨૧ ના કલાક ૧૧/૩૦ વાગ્યા દરમ્યાન પોતાના ઘરના મુખ્ય દરવાજાનુ તાળુ તોડી, અજાણી વ્યક્તિ ઘરમા પ્રવેશ કરી, તિજોરીમાંથી રોકડ રૂપિયા ૭૦,૦૦૦/- ચોરી કરી લઇ ગઇ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એન.પી.ગરાસીયા ચલાવે છે.

<u>ઘડીયાળ પડતા ઇજા થતા મૃત્યુ :-</u> **<u>સમાચાર યાદી નં.૨૧૭/૨૦૨૧</u>**

શાહપુર : સેજલબેન દિનેશભાઇ ડાંગી (ઉ.વ.૧૧)(રહે,હાડવૈદની ચાલી, દીલ્લી ચકલા શાહપુર) આશરે પંદરેક દિવસ પહેલા પોતાના ઘરે દિવાલ ઘડીયાલ સેજલબેન ના પેટ ઉપર પડતા ઇજા થતા સારવાર માટે તેમને સિવિલ હોસ્પિટલ ખાતે દાખલ કર્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તા.૩૧/૦૧/૨૦૨૧ સાંજના ૬/૦૦ વાગે ફરજ પરના ડો.શ્રી એ સેજલબેનને મૃત જાહેર કર્યા હતા. આ અંગે શાહપુર પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી એચ.બી.ચૌધરી ચલાવે છે.

ધાબેથી પડી જતાં મૃત્યુ :- **સમાચાર યાદી નં.૨૧૮/૨૦૨૧**

વેજલપુર : હસનભાઈ અબ્દુલભાઈ શેખ (ઉ.વ.૬૫)(રહે.મોમીન રો-હાઉસ, રાજદાના સોસાયટી પાસે, એચ.પી.પેટ્રોલપંપના ખાચામાં, જુહાપુરા) તા.૩૦/૦૧/૨૦૨૧ સાંજના ૬/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે ધાબા ઉપર સુકવેલા કપડા લેવા જતા, મકાન જર્જરીત હાલતમાં હોય ધાબાની આગળની પેરાફીટ અચાનક તુટી જતા તેઓ નીચે પડી જતા માથાના ભાગે ઈજા થતા સારવાર માટે તેમને સોલા સિવિલ હોસ્પીટલ લાવતા તા.૩૦/૦૧/૨૦૨૧ સાંજના ૭/૨૦ વાગે ફરજ પરના ડો.શ્રીએ તેમને મૃત જાહેર કર્યા હતા. આ અંગે વેજલપુર પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ હે.કો.શ્રી રણછોડભાઈ મથુરભાઈ ચલાવે છે.

આત્મહત્યાઃ- **સમાચાર યાદી નં.૨૧૯/૨૦૨૧**

સાબરમતી : વિજયભાઇ રેવાભાઇ સોલંકી (ઉ.વ.૨૦)(રહે.સતકેવલનગર ગાંધીવાસ-૦૨ સાબરમતી) એ અગમ્ય કારણસર તા.૩૧/૦૧/૨૦૨૧ બપોરના ૨/૩૦ વાગ્યાના સુમારે પોતાના મકાનમાં લોખંડ ની પાઇપ સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે સાબરમતી પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ મ.સ.ઈ.શ્રી રમણજી રામાજી ચલાવે છે.

કાગડાપીઠ : (૧) સુનીલભાઇ વશરામભાઇ જાદવ(ઉ.વ.૩૫)(રહે.જનતા સોસાયટી, મનોહર ડેરીની પાછળ, ગીતામંદીર)એ અગમ્ય કારણસર તા.૩૧/૦૧/૨૦૨૧ નાં કલાક ૧૧/૦૦ વાગ્યા પહેલા કોઇપણ સમયે પોતાના ઘરે ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે કાગડાપીઠ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ મ.સ.ઈ.શ્રી રવિકાત બચુભાઇ ચલાવે છે.

કાગડાપીઠ : (૨) ભાવિક વસંતભાઇ પરમાર(ઉ.વ.૨૦)(રહે.ત્રીજો માળ, બાલમુકુન્દ સોસાયટી, ગીતામંદિર રોડ) એ અગમ્ય કારણસર તા.૩૧/૦૧/૨૦૨૧ સાંજનાં ૭/૧૫ વાગ્યા પહેલા કોઇપણ સમયે પોતાના ઘરે રસોડામાં છતના ભાગે આવેલ હુકમાં દોરડુ બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે કાગડાપીઠ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ મ.સ.ઈ.શ્રી રવિકાત બચુભાઇ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી